# URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


આઝાદી કા અમૃત મહોત્સવ

## મેડીકલ સ્પેશેયાલીસ્ટની કરાર આધારે તદ્દન હંગામી ધોરણે ભરતી કરવા બાબત

એન.એચ.એમ. અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી અમદાવાદ ખાતે મંજુર થયેલ ૭ સી.એચ.સી તથા અમદાવાદ મ્યુંનિસિપલ કોર્પોરેશનના નવા શરુ થયેલ ૫ સી.એચ.સી ખાતે મેડીકલ સ્પેશેયાલીસ્તની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતીક્ષાયાદી બનાવવા વોક ઇન ઈન્ટરવ્યું રાખવાના થાય છે. મેડીકલ સ્પેશીયાલીસ્ટએ પોતાના શૈક્ષણીક લાયકાત તથાં અનુભવના અસલ પ્રમાણપત્રો અને પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો સાથે તેમના નામ, સરનામું ઉંમર, શૈક્ષણીક લાયકાત તથા અનુભવની વિગત નિયત ફોર્મેટમાં સ્વ અક્ષરે ભરી અરજીપત્ર સાથે નીચે જણાવેલ સરનામે હાજર રહેવાનું રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | ઉંમર | ઉચ્ચક માસિક વેતન | વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ફિઝિશિયન | ૧. એમ.ડી / ડી.એન.બી (મેડિસિન)<br>૨ મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | મહ્ત્તમ ૬૨ વર્ષ | રૂ.૭૫,૦૦૦/ ફિક્સ | પ્રતિક્ષા યાદી બનાવવા માટે |
| ૨ | જનરલ સર્જન | ૧. એમ.એસ / ડી.એન.બી (સર્જરી)<br>૨ મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | મહ્ત્તમ ૬૨ વર્ષ | રૂ.૭૫,૦૦૦/ ફિક્સ | ૦૧ ખાલી રહેલ જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા માટે |
| ૩ | રેડીયોલોજીસ્ટ | ૧. એમ.ડી / ડી.એન.બી (રેડીયોલીજી)<br>૨. મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | મહ્ત્તમ ૬૨ વર્ષ | રૂ.૭૫,૦૦૦/ ફિક્સ | ૦૩ ખાલી રહેલ જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા માટે |
| ૪ | ડર્મેટોલોજીસ્ટ | ૧. એમ.ડી / ડી.એન.બી (સ્કીન)<br>૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | મહ્ત્તમ ૬૨ વર્ષ | રૂ.૩૭,૫૦૦/ ફિક્સ | પ્રતિક્ષા યાદી બનાવવા માટે |
| ૫ | ઈ.એન.ટી. સ્પેશેયાલીસ્ટ | ૧. એમ.એસ / ડી.એન.બી (ઈ.એન.ટી.)<br>૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | મહ્ત્તમ ૬૨ વર્ષ | રૂ.૩૭,૫૦૦/ ફિક્સ | પ્રતિક્ષા યાદી બનાવવા માટે |

URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

आज़ादी का अमृत महोत्सव

શરતો

- પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ અ.મ્યુ.કોર્પોરેશન સાથે કરાર કરવાનો રહેશે
- ઉપરોક્ત જગ્યા પૈકી અનુક્રમ નંબર ૦૧ થી ૦૨ની પોસ્ટ પર નિમણુક પામેલા અધિકારીઓએ અઠવાડિયામાં ૬ દિવસ સવારે ૦૯ થી બપોરે ૧ વાગ્યા સુધી નિમણુક આપેલ હેલ્થ ફેસીલીટી ખાતે સેવા આપવાની રહેશે તેમજ ઈમરજન્સી/આકસ્મીક સંજોગોમાં ફરજ ઉપર હાજર થવાનુ રહેશે.
- ઉપરોક્ત જગ્યા પૈકી અનુક્રમ નંબર ૦૩ અને ૦૪ ની પોસ્ટ પર નિમણુક પામેલા અધિકારીઓએ અઠવાડિયામાં ૩ દિવસ સવારે ૦૯ થી બપોરે ૧ વાગ્યા સુધી નિમણુક આપેલ હેલ્થ ફેસીલીટી ખાતે સેવા આપવાની રહેશે તેમજ ઈમરજન્સી/આકસ્મીક સંજોગોમાં ફરજ ઉપર હાજર થવાનુ રહેશે.
- પસંદગી પામેલ ઉમેદવારને સક્ષમ સત્તાની મંજુરી મુજબ કોઈપણ હેલ્થ ફેસીલીટી ખાતે ટ્રાન્સફર કરી શકશે જે ઉમેદવારએ મંજુર રાખવાની રહેશે.
- ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઇન્ટરવ્યુ માટે લાયકાતનાં અને અનુભવનાં પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વખર્ચે હાજર થવાનુ રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પૂરતા ડોક્યુમેન્ટ રજુ કરવામાં નહિ આવે તો તે અરજી રદ કરવામાં આવશે. તે અંગે ઉમેદવારનું કોઈ હક્ક દાવો રહેશે નહી.
- ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણપત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમણૂંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિવર્સીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિવર્સીટીના ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવાર ના લઘુતમ માર્ક્સ ગણાશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આં માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- **પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂંક તદ્દન હંગામી ધોરણે ખાતાની જરૂરીયાત સુધીના સમયગાળાની રહેશે કોન્ટ્રાક્ટ પૂર્ણ થયેથી દિન ૦૧નો બ્રેક આપી તેઓનો કરાર વધુમા વધુ ૧૧ માસ અથવા ખાતાની જરૂરીયાત સુધી રીન્યુ કરવામાં આવશે.**

**URBAN HEALTH SOCIETY**
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan",.Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

- રજીસ્ટ્રેશનનો સમય :- સવારે ૯:30 થી ૧0:30
- ઇન્ટરવ્યુની તારીખ :- તા:- ૧૧/0૮/૨0૨3
- ઇન્ટરવ્યુનું સમય :- ૧૧ :00 સવારે
- ઇન્ટરવ્યુનું સ્થળ :- આરોગ્ય અધિકારીશ્રીની ઑફીસ, પ્રથમ માળ, આરોગ્ય ભવન
  જુનુ ટી. બી. હોસ્પિટલ કમ્પાઉન્ડ,જુના એસ. ટી. બસ સ્ટેન્ડની સામે,
  ગીતા મંદિર રોડ, આસ્ટોડિયા દરવાજા પાસે, અમદાવાદ

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ